==========

અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

વરીદ યાકૂબ

વિરુદ્ધ

સોસમ્મા ગીવર્ગીસ અને અન્ય

૨૧ એપ્રિલ, ૨૦૦૪

[વી. એન. ખરે, મુખ્ય ન્યાયમૂર્તિ, એસ. બી. સિન્હા અને એસ. એચ. કાપડિયા, ન્યાયમૂર્તિઓ]

દીવાની કાર્યરીતિ સંહિતા, ૧૯૦૮; ઓર્ડર ૨૧, ૩૮, ૩૯ અને ૪૦; કલમો ૯૪ અને ૧૫૧: ભાગલા માટેનો દાવો–મુન્સિફ કોર્ટ દ્વારા પ્રતિવાદીઓ પૈકીના એકની તરફેણમાં અમુક બાબતોની વસૂલાત મંજૂર કરતું હુકમનામું કરવામાં આવ્યું–અન્ય પ્રતિવાદી દ્વારા હુકમનામું મેળવનાર વિરુદ્ધ દાવો દાખલ કરીને તેને પડકારવામાં આવ્યો–કોર્ટ દ્વારા કામચલાઉ મનાઈહુકમ જારી કરવો–દાવો કસૂર બદલ રદ થયો–દાવાની પુનઃસ્થાપના–દાવો છેવટે ગુણદોષ પર રદ થયો–પ્રથમ એપેલેટ કોર્ટ દ્વારા અપીલ રદ કરવામાં આવી અને હાઈકોર્ટ દ્વારા

બીજી અપીલ રદ કરવામાં આવી–અમલબજવણી અરજી–મુદતનો સમયગાળો પૂરો થવો–અમલબજવણી કોર્ટે ઠેરવ્યું કે દાવો દાખલ થવાને કારણે હુકમનામું મેળવનાર સમયસર હુકમનામાની બજવણી કરવાથી વંચિત રહ્યા હોવાથી, હુકમનામાના અમલના હેતુ માટે મુદતના સમયગાળાની ગણતરી કરતી વખતે કોર્ટની કાર્યવાહીમાં વીતેલો સમય બાકાત રાખી શકાય–હાઈકોર્ટ દ્વારા પુષ્ટિ કરવામાં આવી.

બહુમતી મતે ઠેરવવામાં આવ્યું:

કેસના સંજોગોના આધારે, વચગાળાની દાદ આપવા માટે નિયમોના અલગ–અલગ જૂથ લાગુ કરવામાં આવ્યા છે–ઓર્ડર ૩૯ હેઠળ કામચલાઉ મનાઈહુકમના નિયમોને ઓર્ડર ૩૮ હેઠળ ચુકાદા પહેલાં જપ્તીના નિયમો સાથે સરખાવી શકાય નહીં–કેસની હકીકતો અને સંજોગો ઓર્ડર ૩૯ હેઠળ આવે છે અને ઓર્ડર ૩૮ હેઠળ નહીં–તેથી, હુકમનામાના અમલના હેતુ માટે મુદતના સમયગાળાની ગણતરી કરવા માટે દાવાનો નિકાલ કરવામાં વીતેલા સમયને બાકાત રાખવા હુકમનામું મેળવનાર હકદાર હતા.

લઘુમતી મતે ઠેરવવામાં આવ્યું:

કામચલાઉ મનાઈહુકમનો આદેશ કાયમી મનાઈહુકમના હુકમનામા સાથે વિલીન થઈ શકે છે અને જ્યારે હુકમનામું પસાર કરવામાં આવે ત્યારે પણ તે અસરકારક રહેશે–જોકે, તેના પરિણામે કસૂર બદલ રદ થયેલા દાવાની પુનઃસ્થાપના થતાં તેનું આપોઆપ પુનર્જીવન થતું નથી–જ્યારે ન્યાયના હિતો

સાધવાના હોય ત્યારે જ પૂરક કાર્યવાહીનો આશરો લઈ શકાય છે–દાવો રદ થતાં જેનો પ્રભાવ સમાપ્ત થઈ જાય છે તેવો વચગાળાનો હુકમ મેળવવા માટે વાદીને મળેલા વિશેષાધિકારની સામે, ન્યાયનિર્ણય પડતર હોય તે દરમિયાન પક્ષકારોના અધિકારોનું જતન કરતું અર્થઘટન અમલમાં રહેવા દેવું જોઈએ– દાવાની પુનઃસ્થાપના પર કોર્ટ દ્વારા સ્પષ્ટ નિર્દેશ આપવામાં ન આવે ત્યાં સુધી તે પુનર્જીવિત થશે નહીં.

ધ લિમિટેશન એક્ટ:

કોર્ટની હકુમત–જો કોઈ દાવો/કાર્યવાહી મુદતથી બાધિત હોય, તો તે દાવો ન કરનાર સામા પક્ષકારની તરફેણમાં અધિકારમાં પરિણમે છે જેને માત્ર કાયદાની સ્પષ્ટ જોગવાઈઓ દ્વારા જ ઘટાડી શકાય છે–તે કોર્ટની તેને ધ્યાને લેવાની હકુમતને નાબૂદ કરે છે.

આનુષંગિક કાર્યવાહી વિરુદ્ધ પૂરક કાર્યવાહી–દાવાની પુનઃસ્થાપના પર વચગાળાના હુકમના પુનર્જીવનના સંદર્ભમાં બંને વચ્ચેનો તફાવત–ચર્ચાયેલ;

ભાગલા માટેના એક દાવામાં મુન્સિફ કોર્ટે પ્રતિવાદીઓ પૈકીના એકની તરફેણમાં આખરી હુકમનામામાં અમુક બાબતોની વસૂલાત મંજૂર કરી હતી. અન્ય એક પ્રતિવાદીએ હુકમનામું મેળવનાર વિરુદ્ધ દાવો દાખલ કર્યો હતો. કોર્ટે હુકમનામું મેળવનારને હુકમનામાની બજવણી કરવાથી રોકતો કામચલાઉ મનાઈહુકમ પસાર કર્યો હતો. ત્યારબાદ, કોર્ટ દ્વારા તે દાવો કસૂર બદલ રદ કરવામાં આવ્યો હતો. તે દાવો ફરી ફાઇલ પર પુનઃસ્થાપિત કરવામાં આવ્યો

હતો; આખરે તે ગુણદોષ પર રદ કરવામાં આવ્યો હતો. પ્રથમ એપેલેટ કોર્ટે અને ત્યારબાદ હાઇકોર્ટે તેમની સમક્ષ દાખલ કરાયેલી અપીલો રદ કરી હતી. હુકમનામું મેળવનારે અમલબજવણી અરજી દાખલ કરી હતી. હુકમનામાના દેવાદારે એવા કારણસર વાંધો ઉઠાવ્યો હતો કે તે હુકમનામાની તારીખથી ૧૨ વર્ષની અંદર દાખલ કરવામાં ન આવી હોવાથી મુદતથી બાધિત હતી. અમલબજવણી કોર્ટે ઠેરવ્યું હતું કે અમલબજવણી અરજી સમયસર દાખલ કરવામાં આવી હતી કારણ કે ૨૫ જૂન, ૧૯૬૯ થી ૨૧ માર્ચ, ૧૯૭૫ ના સમયગાળા દરમિયાન હુકમનામું મેળવનાર હુકમનામાનો અમલ કરવાથી વંચિત રહ્યા હતા, જ્યારે હુકમનામાના દેવાદાર દ્વારા દાખલ કરવામાં આવેલ દાવો આખરે ગુણદોષ પર રદ થયો હતો. આ ચુકાદાને હાઇકોર્ટ દ્વારા પુષ્ટિ આપવામાં આવી હતી. તેથી આ વર્તમાન અપીલ ઉપસ્થિત થઈ છે.

અપીલકર્તા દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે હુકમનામું મેળવનાર વિરુદ્ધ તેમના દ્વારા દાખલ કરવામાં આવેલા દાવાની પેન્ડન્સી દરમિયાન હુકમનામાના અમલને રોકતો કામચલાઉ મનાઈહુકમ હતો, પરંતુ કસૂર બદલ દાવો રદ થવાની સાથે જ કામચલાઉ મનાઈહુકમનો અંત આવ્યો હતો અને દાવાની પુનઃસ્થાપના થવા છતાં પણ તે પુનર્જીવિત થયો ન હતો અને પરિણામે હુકમનામું મેળવનારને હુકમનામાનો અમલ કરતા કોઈ બાબત રોકતી ન હતી. સામાવાળા (હુકમનામું મેળવનાર) દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે કસૂર બદલ રદ થયેલા દાવામાં પસાર કરવામાં આવેલ આનુષંગિક હુકમ તેની પુનઃસ્થાપના થતાં આપોઆપ પુનર્જીવિત થઈ ગયો હતો અને તેથી હુકમનામાની

બજવણીમાં મુદતના સમયગાળાની ગણતરીના હેતુ માટે, હુકમનામાના અમલ સામે દાખલ કરાયેલા દાવાનો આખરી નિકાલ થયો તે સમયગાળાને બાકાત રાખવા તેઓ હકદાર હતા.

અપીલ રદ કરતાં, કોર્ટે.

ઠેરવવામાં આવ્યું: વી. એન. ખરે, મુખ્ય ન્યાયમૂર્તિ (પોતાના વતી અને કાપડિયા, ન્યાયમૂર્તિ વતી):

૧.૧. દીવાની કાર્યરીતિ સંહિતાની કલમ ૯૪ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને અદાલત વચગાળાની દાદ ત્યારે જ આપી શકે જો કેસના સંજોગો નિયમો હેઠળ આવતા હોય. તેથી, જ્યારે કોઈ બાબત અદાલત સમક્ષ આવે છે, ત્યારે અદાલતે દરેક કેસની હકીકતો તપાસવી પડે છે અને ઓર્ડરમાં આપેલા નિયમો સાથે વંચાણે લેતાં કલમ ૯૪ ના તત્ત્વો સંતોષાય છે કે કેમ તે સુનિશ્ચિત કરવું પડે છે અને તે મુજબ યોગ્ય દાદ આપવી પડે છે. જ્યારે સંજોગો નિયત કરાયેલા કોઈપણ નિયમો હેઠળ આવતા ન હોય તેવા કેસોમાં જ અદાલત દીવાની કાર્યરીતિ સંહિતાની કલમ ૧૫૧ હેઠળ પોતાની અંતર્ગત સત્તાનો ઉપયોગ કરી શકે છે. તે મુજબ, જો સંજોગો દીવાની કાર્યરીતિ સંહિતાના ઓર્ડર ૩૮ હેઠળ આવતા હોય, તો અદાલતોએ ચુકાદા પહેલાં જપ્તીની દાદ આપવાની રહે છે. તેવી જ રીતે, જો કેસ ઓર્ડર ૩૯ ની શરતો સંતોષતો હોય તો અદાલતો કામચલાઉ મનાઈહુકમ આપશે. આમ, નિયત નિયમો હેઠળ આવતા સંજોગોના આધારે, નિર્દિષ્ટ દાદ આપવાની અદાલતની સત્તા અલગ–અલગ હોઈ શકે છે. તેથી,

નિયત કરાયેલ નિયમોનો દરેક સમૂહ એકબીજાથી અલગ અને ભિન્ન છે, અને તેથી, જોકે આ તમામને વ્યાપકપણે વચગાળાના હુકમો તરીકે ઓળખવામાં આવે છે છતાં કોઈ વ્યક્તિ કામચલાઉ મનાઈહુકમના નિયમોને ચુકાદા પહેલાં જપ્તીના નિયમો સાથે સરખાવી શકે નહીં. [પજ્જ–એચ; પજ્પ–એ–બી–સી)

મનોહર લાલ ચોપરા વિરુદ્ધ રાય બહાદુર રાવ રાજા શેઠ હીરાલાલ, એ.આઇ.આર. (૧૯૬૨) એસસી પ૨૭ અને મેસર્સ રામ ચંદ એન્ડ સન્સ શુગર મિલ્સ પ્રા. લિ. વિરુદ્ધ કન્હૈયાલાલ ભાર્ગવ, એ.આઇ.આર. (૧૯૬૬) એસસી ૧૮૯૯, સંદર્ભ લીધો.

જગજીત સિંહ ખન્ના વિરુદ્ધ ડૉ. રાખાલ દાસ મલ્લિક, એ.આઇ.આર. (૧૯૮૮) કલકત્તા ૯૫, સંદર્ભ લીધો.

૧.૨. જો અદાલતને ખાતરી થાય કે પ્રતિવાદી ભવિષ્યમાં જ્યારે પણ હુકમનામું પસાર થાય ત્યારે તેને નિષ્ફળ બનાવે તેવી શક્યતા છે, તો અદાલત વાદીઓના દાવાનો આખરી ન્યાયનિર્ણય થાય તે પહેલાં પણ ચુકાદા પહેલાં જપ્તી મંજૂર કરશે, તેથી તે અદાલત દ્વારા દીવાની કાર્યરીતિ સંહિતાના ઓર્ડર ૩૮ નિયમ ૧ હેઠળ વાદીને આપવામાં આવતી એક અસાધારણ દાદ છે. જોકે, દીવાની કાર્યરીતિ સંહિતાના ઓર્ડર ૩૯ નિયમ ૯ હેઠળ જ્યારે દાવો રદ થાય ત્યારે અદાલત જપ્તી પાછી ખેંચવાનો હુકમ કરશે.– તેથી, નિયમ ૯ અદાલત માટે દાવો રદ કરતી વખતે જપ્તી ઉઠાવી લેવાનું ફરજિયાત બનાવે છે. જપ્તી એ અમલબજવણી પ્રક્રિયાનો એક ભાગ છે. તે હુકમનામાના રક્ષણ માટે આપવામાં

આવે છે. ઓર્ડર ૩૮ ની યોજના ઓર્ડર ૩૯ અથવા ઓર્ડર ૪૦ કરતાં ભિન્ન છે. તેથી, વચગાળાના હુકમો તરીકે ઓર્ડર ૩૮ હેઠળની જપ્તીને ઓર્ડર ૩૯ હેઠળ કામચલાઉ મનાઈહુકમ આપવાની અદાલતની સત્તા સાથે સરખાવી શકાય નહીં. તેવી જ રીતે, ઓર્ડર ૨૧, નિયમ ૫૭ અમલબજવણીનો દાવો રદ થવા પર જપ્તી ચાલુ રહેશે કે બંધ થશે તે અંગે હુકમ કરવાની અદાલતોની ફરજ દર્શાવે છે; વર્તમાન કેસની હકીકતો ઓર્ડર ૩૮ ની નહીં પરંતુ ઓર્ડર ૩૯ ની જોગવાઈઓ હેઠળ યોગ્ય રીતે આવરી લેવાયેલી છે. કેસની હકીકતો અને સંજોગોમાં, હુકમનામાના અમલ માટે મુદતના સમયગાળાની ગણતરી કરતી વખતે ૨૫ જૂન, ૧૯૬૯ અને ૨૧ માર્ચ, ૧૯૭૫ વચ્ચેના ૫ વર્ષ ૮ મહિના અને ૨૬ દિવસના સમયગાળાને બાકાત રાખવા માટે હુકમનામું મેળવનાર હકદાર હતા. (પ૪૬–બી–સી–ડી–ઈ; પ૪૭–એચ; પ૪૮–એ)

શિવા વિરુદ્ધ શરણપ્પા, એ.આઇ.આર. (૧૯૬૮) મૈસૂર ૨૩૮; સરનાથ અય્યંગાર વિરુદ્ધ મુથિયા મુપનાર અને અન્ય, એ.આઇ.આર. (૧૯૩૪) મદ્રાસ ૪૯; બંકિમ ચંદ્ર વિરુદ્ધ ચંડી પ્રસાદ, એ.આઇ.આર. (૧૯૫૬) પટના ૨૭૧ અને નંદીપતિ રામી રેડ્ડી વિરુદ્ધ નંદીપતિ પદ્મા રેડ્ડી, એ.આઇ.આર. (૧૯૭૮) એ.પી. ૩૦, માન્ય રાખવામાં આવ્યા.

અબ્દુલ હમીદ વિરુદ્ધ કરીમ બક્ષ અને અન્ય, એ.આઇ.આર. (૧૯૭૩) અલ્હાબાદ ૬૭; રાજ ચંદ્ર ગુપ્તા વિરુદ્ધ રમેશ કિશોર, એ.આઇ.આર. (૧૯૬૫) અલ્હાબાદ ૫૪૬ અને નગર મહાપાલિકા વિરુદ્ધ વેદ પ્રકાશ, એ.આઇ.આર.

(૧૯૭૬) અલ્હાબાદ ૨૬૪, લાગુ પડતા ન હોવાનું ઠેરવવામાં આવ્યું.

નેન્સી જોન લિન્ડન વિરુદ્ધ પ્રભાતી લાલ ચૌધરી, (૧૯૮૭) ૪ એસસીસી ૭૮, સંદર્ભ લીધો.

ન્યાયમૂર્તિ એસ. બી. સિન્હા (વિસંમત) મતે:

૧.૧. પક્ષકારો વચ્ચેના વિવાદમાં ઉપસ્થિત થતા મુદ્દા પર ન્યાયનિર્ણય કરવા માટે હકદાર અદાલત અથવા ટ્રિબ્યુનલ પાસે તેનો અસરકારક રીતે ન્યાયનિર્ણય કરવા સક્ષમ બનાવવા માટે આનુષંગિક હોય તેવા હુકમો પસાર કરવાની જરૂરી હકુમત હોય છે. વિવાદ પર અસરકારક રીતે ન્યાયનિર્ણય કરવા માટે જરૂરી તમામ બાબતો કરવાની અદાલત અથવા ટ્રિબ્યુનલની આવી સત્તા કાયદા દ્વારા વિશિષ્ટ રીતે આપવાની જરૂર નથી; આવી સત્તા અદાલતની સત્તાની આનુષંગિક હોવાથી તે અદાલત/ટ્રિબ્યુનલની ન્યાયનિર્ણયની સત્તા સાથે સંલગ્ન છે. (પ૪૮–એફ–જી)

૧.૨. દીવાની કાર્યરીતિ સંહિતા આનુષંગિક કાર્યવાહી અને પૂરક કાર્યવાહીના સંબંધમાં અલગ–અલગ શબ્દપ્રયોગોનો ઉપયોગ કરે છે. આનુષંગિક કાર્યવાહીમાં પસાર કરવામાં આવેલા હુકમની દાવાના પરિણામ પર સીધી અસર પડશે. આખરી કાર્યવાહીના સમર્થનમાં હોય તેવી આવી કાર્યવાહીને પૂરક કાર્યવાહીની સમકક્ષ ગણી શકાય નહીં, જેને દાવાના અંતિમ પરિણામ સાથે કોઈ લેવાદેવા ન હોઈ શકે. ન્યાયના ઉદ્દેશોને નિષ્ફળ થતા અટકાવવાના હેતુથી પૂરક કાર્યવાહી શરૂ કરવામાં આવે છે. તેનો સામાન્ય બાબત તરીકે આશરો લઈ શકાતો

નથી પરંતુ જ્યારે તે માટે કોઈ તાકીદની જરૂરિયાત ઊભી થાય ત્યારે જ આશરો લઈ શકાય છે. પૂરક કાર્યવાહીમાં પસાર કરવામાં આવેલા હુકમો કેટલીકવાર સામા પક્ષકારને મુશ્કેલી પહોંચાડી શકે છે અને તેથી, જ્યારે તે માટેની પરિસ્થિતિ ઊભી થાય ત્યારે જ તેનો આશરો લેવો જરૂરી છે, અન્યથા નહીં. જોકે, દાવાના અંતિમ નિર્ણયના સમર્થનમાં આનુષંગિક કાર્યવાહીનો આશરો લેવામાં આવે છે, જેનો અર્થ એ થાય કે તે અન્વયે પસાર કરાયેલ કોઈપણ હુકમ, તે માટે નિયત કરાયેલા નિયમોને આધીન રહીને, બાબતના ગુણદોષ પર અસર કરશે. જ્યારે પણ અદાલત દ્વારા પોતાની આનુષંગિક સત્તાના ઉપયોગમાં અથવા આનુષંગિક કાર્યવાહીમાં કોઈ હુકમ પસાર કરવામાં આવે છે, ત્યારે દાવાનું પુનર્જીવન થતાં તે પુનર્જીવિત થઈ શકે છે. પરંતુ જ્યાં સુધી પૂરક કાર્યવાહીનો સંબંધ છે, ત્યાં સુધી અદાલતે નવો હુકમ પસાર કરવો પડી શકે છે. પૂરક કાર્યવાહીમાં પસાર કરવામાં આવેલા હુકમોને એવા હુકમથી ભિન્ન ગણવા પડી શકે છે જે સ્વરૂપમાં સહાયક હોય અથવા જે આનુષંગિક કાર્યવાહીમાં પસાર કરવામાં આવ્યો હોય. (પ૪૮–એચ; પ૪૯–બી–સી–ડી–ઈ; એચ]

૧.૩. દીવાની કાર્યરીતિ સંહિતાના ઓર્ડર ૩૮ હેઠળ પસાર કરવામાં આવેલ જપ્તીનો હુકમ હુકમનામું પસાર થયા પછી પણ અમલમાં રહેશે. હુકમનામું પસાર થયા પછી પણ હુકમનામું મેળવનાર દ્વારા આવા હુકમનો લાભ લઈ શકાય છે. દીવાની કાર્યરીતિ સંહિતા બે અલગ યોજનાઓ નિર્ધારિત કરે છે, એક આનુષંગિક હુકમોના સંબંધમાં જે મુખ્ય અપીલમાં લેવાયેલા નિર્ણયોને સહાય અને પૂરક બનશે અને બીજી એવી જેને તેની સાથે કોઈ લેવાદેવા ન હોઈ શકે;

ચુકાદા પહેલાં જપ્તીનો હુકમ કસૂર બદલ રદ થયેલા દાવાની પુનઃસ્થાપના થતાં આપોઆપ પુનર્જીવિત થતો નથી અને તે હેતુ માટે મનાઈહુકમના આદેશને ચુકાદા પહેલાં જપ્તીના હુકમ સમકક્ષ ગણવામાં આવશે. [પ૪૯–જી; પપ૦–ડી; પપ૪–એ] બંકિમ ચંદ્ર અને અન્ય વિરુદ્ધ ચંડી પ્રસાદ, એ.આઇ.આર. (૧૯પ૬) પટના ૨૭૧, માન્ય રાખવામાં આવ્યું.

ગણેશ પ્રસાદ સાહ કેસરી અને અન્ય વિરુદ્ધ લક્ષ્મી નારાયણ ગુપ્તા, [૧૯૮પ] ૩ એસસીસી પ૩, સંદર્ભ લીધો. તવ્વલા વીરાસ્વામી વિરુદ્ધ પુલીમ રામન્ના અને અન્ય, એ.આઇ.આર. (૧૯૩પ) મદ્રાસ. ૩૬પ; શિવરાયા અને અન્ય વિરુદ્ધ શરણપ્પા અને અન્ય, એ.આઇ.આર. (૧૯૬૮) મૈસૂર ૨૮૩; શ્રીમતી રાધે બાઈ વિરુદ્ધ શ્રીમતી સાવિત્રી શર્મા (૧૯૭પ) આર.એલ.આર. ૨૩૪; કિશન લાલ વિરુદ્ધ શ્રીમતી કમલા દેવી શર્મા, (૧૯૭૯) આર.એલ.ડબલ્યુ. ૩૬૯; ઉલહન્નન ચાકો વિરુદ્ધ મથાઈ (૧૯૮૬) કે.એલ.ટી. ૩૦૧; અબ્દુલ હમીદ વિરુદ્ધ કરીમ બક્ષ અને અન્ય, એ.આઇ.આર. (૧૯૭૩) અલ્હાબાદ ૬૭ અને ચુન્ની કુઅર વિરુદ્ધ દ્વારકા પ્રસાદ, (૧૮૮૭) ઓલ ડબલ્યુ.એન. ૨૯૭, સંદર્ભ લીધો.

૧.૪. સંસદે સભાનપણે 'આનુષંગિક કાર્યવાહી' અને 'પૂરક કાર્યવાહી' એમ બે અલગ–અલગ શબ્દપ્રયોગોનો ઉપયોગ કર્યો છે જે સ્પષ્ટપણે બે અલગ–અલગ અર્થ ધરાવે છે.. 'આનુષંગિક' શબ્દપ્રયોગનો અર્થ સહાયક, ગૌણ; આધીન; સાથે જોડાયેલ; જે મુખ્ય ગણાતી કાર્યવાહીને સહાય કરે છે અથવા

આગળ વધારે છે તેવો થાય છે. બીજી તરફ 'પૂરક કાર્યવાહી' શબ્દપ્રયોગનો અર્થ મૂળ દાવામાં એક અલગ કાર્યવાહી થાય છે, જેમાં જે અદાલતમાં દાવો પેન્ડિંગ હોય તે અદાલતને ન્યાયના હિતમાં પોતાની હકુમતનો ઉપયોગ કરવા વિનંતી કરવામાં આવે છે. (પપક–બી–સી)

ગંગપ્પા વિરુદ્ધ બોરેગૌડા, એ.આઇ.આર. (૧૯૫૫) મૈસૂર ૯૧; નગર મહાપાલિકા, લખનૌ વિરુદ્ધ વેદ પ્રકાશ, (૧૯૭૬) અલ્હાબાદ ૨૬૪; કંચન બાઈ વિરુદ્ધ કેતસીદાસ અને અન્ય, એ.આઇ.આર. (૧૯૯૧) રાજસ્થાન ૯૪ અને રણજીત સિંહ વિરુદ્ધ સરદાર રંજન સિન્હા, એ.આઇ.આર. (૧૯૮૧) પટના ૧૦૨, સંદર્ભ લીધો.

૧.૫. દીવાની કાર્યરીતિ સંહિતાની કલમ ૯૪ ની વિવિધ જોગવાઈઓ હેઠળ કરવામાં આવેલા હુકમની અસર અલગ–અલગ રહેશે. સંજોગોની વિવિધ તાકીદની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ કાયદાકીય જોગવાઈ ઘડવામાં આવી છે, જોકે તે હેઠળની સત્તાનો ઉપયોગ ન્યાયના હિતમાં જ થવો જોઈએ. તે માટેની કાનૂની યોજના એવી છે કે જ્યારે ન્યાયના હિતની પૂર્તિ કરવી જરૂરી હોય ત્યારે જ પૂરક કાર્યવાહીનો આશરો લેવો જોઈએ, ભલે તે વચગાળાના હુકમને કોર્ટના આખરી નિર્ણય સાથે કોઈ લેવાદેવા ન હોય. (પપક–ઈ–એફ) ૧.૬. કોર્ટના આખરી નિર્ણયની સહાયતામાં કે તેના પૂરક તરીકે કોર્ટ દ્વારા પસાર કરવા જરૂરી હોય તેવા આનુષંગિક હુકમો; અને દીવાની કાર્યરીતિ સંહિતાના ભાગ ૬ હેઠળ પસાર કરાયેલા એવા હુકમો વચ્ચે ભેદ રહેલો છે, જે અંતર્ગત મુકદ્દમાના

પક્ષકારની તરફેણમાં એવો હુકમ કરવામાં આવે છે જેની દાવાના આખરી પરિણામ પર કોઈ અસર ન પણ હોય; તેમજ દાવામાં પસાર કરાયેલા વચગાળાના હુકમને વાદી દ્વારા અરજ કરાયેલ દાદ સાથે પણ કોઈ લેવાદેવા ન હોઈ શકે. પ્રતિવાદી દ્વારા મેળવવામાં આવેલો હુકમ દાવાની પુનઃસ્થાપના થતાં પુનર્જીવિત ન પણ થાય. પૂરક કાર્યવાહી એવી પરિકલ્પના કરે છે કે આવી સત્તા કોર્ટને વિશેષ રૂપે પ્રદાન કરવામાં આવેલી હોવી જોઈએ જે ન્યાયના હિતમાં પસાર કરવી જરૂરી હોય, ભલે તેની આખરે દાવામાં માંગવામાં આવેલી દાદ પર કોઈ અસર થતી હોય કે નહીં; કોઈપણ કાનૂની જોગવાઈઓના અભાવે આવી સત્તાનો ઉપયોગ કરી શકાતો નથી, જ્યારે આનુષંગિક કે પ્રાસંગિક સત્તાનો ઉપયોગ કોર્ટ દ્વારા પસાર કરવામાં આવનાર આખરી હુકમની સહાયતામાં અને પૂરક તરીકે હંમેશા કરી શકાય છે. વધુમાં, કાયદા દ્વારા સ્પષ્ટપણે પ્રદાન કરવામાં આવેલું અધિકારક્ષેત્ર અને અંતર્ગત સત્તા, વાજબી અપવાદોને આધીન રહીને, અલગ રીતે ગણવામાં આવવા જોઈએ. (પપ૮–એફ–જી–એચ; પપ૯–એ)

૨.૧. પ્રસ્તુત કેસમાં, દીવાની કાર્યરીતિ સંહિતા, ૧૮૫૯ ની તુલનાએ દીવાની કાર્યરીતિ સંહિતા, ૧૯૦૮ દ્વારા ઓર્ડર ૩૮ નિયમ ૫ માં મૂળભૂત ફેરફારો કરવામાં આવ્યા છે કે કેમ તે પ્રશ્ન સાથે આ કોર્ટને કોઈ નિસબત નથી. પ્રશ્ન એ છે કે ચુકાદા પહેલાં જપ્તીનો હુકમ કરવાની કોર્ટની સત્તા એ આનુષંગિક સત્તા છે કે પૂરક સત્તા છે. ઓર્ડર ૩૮ અને ઓર્ડર ૩૯ ની જોગવાઈઓને કોર્ટ દ્વારા સંભવતઃ એ આધાર પર સમકક્ષ ગણવામાં આવી નથી કે તેઓ વિવિધ વચગાળાની દાદ પૂરી પાડે છે, પરંતુ આખરે જે દાદ મંજૂર કરી શકાય તેની સરખામણીએ

કાર્યવાહીના સ્વરૂપને ધ્યાનમાં રાખીને ગણવામાં આવી છે. એવું ઠેરવવું પણ યોગ્ય રહેશે નહીં કે જપ્તીની કાર્યવાહી અસર અને તત્ત્વમાં મનાઈહુકમથી એ આધાર પર અલગ છે કે અગાઉની બાબત એ અમલબજવણી પ્રક્રિયાનો એક ભાગ છે. જપ્તીના હુકમનું મૂળ સ્વરૂપ જ એવું નિર્ધારિત કરે છે કે દાવો રદ થવાની સ્થિતિમાં, તે હુકમનો અંત આવે છે. આવી જોગવાઈ ધારાસભા દ્વારા વિશેષ સાવચેતીના ભાગરૂપે કરવામાં આવી છે. (૫૫૭–સી–ડી–ઈ–એફ) . . .

૨.૨. મુદતથી બાધિત હોય તેવો દાવો કે કાર્યવાહી તેને હાથ ધરવાના કોર્ટના અધિકારક્ષેત્રને સમાપ્ત કરે છે. જ્યારે કોઈ કાર્યવાહી મુદતથી બાધિત બને છે, ત્યારે તે સામાવાળા/બિન–દાવેદાર પક્ષકારના હકમાં પરિણમે છે. આવા હકને માત્ર કાયદાની સ્પષ્ટ શરતો દ્વારા જ મર્યાદિત કરી શકાય છે. કાયદો વધુમાં ચોક્કસ પરિસ્થિતિમાં મુદતના સમયગાળાના વિસ્તરણ માટે જોગવાઈ કરી શકે છે. દીવાની કાર્યરીતિ સંહિતા. દાવાની પુનઃસ્થાપના થતાં વચગાળાના હુકમના પુનર્જીવનની અસર અંગે સંહિતા મૌન છે અને આ કેસ દર્શાવે છે કે જ્યારે આવો હક છીનવી લેવામાં આવે ત્યારે પોતાના તરફથી કોઈ વાંકગુનો ન હોવા છતાં વ્યક્તિને કેવી રીતે અન્યાય સહન કરવો પડે છે. આવી જોગવાઈ કે જે કોર્ટને એવી કાર્યવાહી હાથ ધરવાનું અધિકારક્ષેત્ર પ્રદાન કરતી હોય જે તે ધ લિમિટેશન એક્ટ, ૧૯૬૩ ની રૂએ અન્યથા ધરાવતી ન હોત, તેનું કડક અર્થઘટન થવું જોઈએ. (૫૫૮–ડી–ઈ)

૨.૩. ન્યાયનિર્ણય પેન્ડિંગ હોય તે દરમિયાન પક્ષકારોના અધિકારોનું

રક્ષણ કરતું અર્થઘટન, વાદીને વચગાળાનો હુકમ મેળવવા માટે આપવામાં આવેલા વિશેષાધિકારની સામે અમલમાં રહેવા દેવું જોઈએ, જે દાવો રદ થવાથી પોતાનો અમલ ગુમાવી દે છે અને તેથી, જ્યાં સુધી સ્પષ્ટપણે નિર્દેશ ન આપવામાં આવે ત્યાં સુધી, દાવાની પુનઃસ્થાપના પર પુનર્જીવિત થઈ શકે નહીં. દાવાની પુનઃસ્થાપના થતાં વચગાળાનો મનાઈહુકમ પુનર્જીવિત થયો ન હતો: જોકે, વિવાદને ધ્યાનમાં રાખીને અદાલતોને યોગ્ય સલાહ આપવામાં આવે છે કે જ્યારે દાવો કસૂર બદલ રદ કરવામાં આવે ત્યારે વચગાળાના હુકમો ક્યારે રદબાતલ થાય છે તે દર્શાવતો સ્પષ્ટ હુકમ પસાર કરવો અને દાવાની પુનઃસ્થાપના પર, જો કોર્ટ આવા વચગાળાના હુકમોને પુનર્જીવિત કરવાનો ઈરાદો ધરાવતી હોય, તો તે મતલબનો સ્પષ્ટ હુકમ પસાર કરવો જોઈએ. (૫૫૮–સી; ૫૫૯–બી–સી)

દીવાની અપીલ અધિકારક્ષેત્ર : સિવિલ અપીલ નં. ૨૬૩૪/૨૦૦૪.

તારીખ ૨૫ ના ચુકાદા અને હુકમ પરથી. સી.આર.પી. નં. ૨૦૦૩/૧૯૯૮–બી માં કેરળ હાઈકોર્ટના તારીખ ૨૫/૭/૨૦૦૧ ના ચુકાદા અને હુકમ પરથી.

અપીલકર્તા તરફથી ફઝલીન અનમ અને ઈ.એમ.એસ. અનમ.

સામાવાળા તરફથી પી. કૃષ્ણમૂર્તિ, એમ.ટી. જ્યોર્જ અને સિલી સેબેસ્ટિયન સામાવાળા તરફથી ઉપસ્થિત રહ્યા.

કોર્ટનો નીચે મુજબનો ચુકાદો/હુકમ નીચેના ન્યાયમૂર્તિઓ દ્વારા આપવામાં આવ્યો:

વી.એન. ખરે, મુખ્ય ન્યાયમૂર્તિ અને કાપડિયા, ન્યાયમૂર્તિ.

વિશેષ પરવાનગી આપવામાં આવે છે.

દાવો નં. ૩૩૨/૧૧૨૨ (એનઈ) એ કોત્તારક્કારા સ્થિત મુન્સિફ કોર્ટમાં દાખલ કરવામાં આવેલો ભાગલાનો દાવો હતો, જેમાં તારીખ ૨૧મી મે, ૧૯૬૪ ના રોજ આખરી હુકમનામું પસાર કરવામાં આવ્યું હતું. હુકમનામા હેઠળ, પ્રતિવાદી નં. ૬ (જેઓનું અવસાન થયું છે) ને ૧ થી ૧૬ ની ચીજવસ્તુઓ મેળવવાની મંજૂરી આપવામાં આવી હતી. હુકમનામું થયા બાદ પ્રતિવાદી નં. ૬ નું અવસાન થયું હતું. સદર દાવો નં. ૩૩૨/૧૧૨૨ (એનઈ) ના ત્રીજા પ્રતિવાદીએ ત્યાર બાદ દાવો નં. ૩૩૨/૧૧૨૨ (એનઈ) માં તારીખ ૨૧મી મે, ૧૯૬૪ ના હુકમનામાને રદબાતલ કરાવવા માટે પ્રતિવાદી નં. ૬ (હુકમનામું મેળવનાર) અને અન્ય લોકો વિરુદ્ધ તારીખ ૨૫મી જૂન, ૧૯૬૯ ના રોજ દાવો નં. ૨૦૯/૧૯૬૯ દાખલ કર્યો હતો. તારીખ ૨૫મી જૂન, ૧૯૬૯ ના રોજ, કોર્ટે દાવો નં. ૩૩૨/૧૧૨૨ (એનઈ) માં તારીખ ૨૧મી મે, ૧૯૬૪ ના હુકમનામાની અમલબજવણી કરવા સામે હુકમનામું મેળવનારને રોકતો કામચલાઉ મનાઈહુકમ પસાર કર્યો હતો. તારીખ ૨જી એપ્રિલ, ૧૯૭૩ ના રોજ, ત્રીજા પ્રતિવાદી દ્વારા દાખલ કરવામાં આવેલો દાવો નં. ૨૦૯/૧૯૬૯ કસૂર બદલ રદ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ દાવો નં. ૨૦૯/૧૯૬૯ ની પુનઃસ્થાપના માટે અરજી કરવામાં

આવી હતી અને આખરે તે દાવો તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૭૪ ના રોજ ફાઇલ પર પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો. જોકે, આખરે ગુણદોષના આધારે, દાવો નં. ૨૦૯/૧૯૬૯ તારીખ ૨૧મી માર્ચ, ૧૯૭૫ ના રોજ રદ કરવામાં આવ્યો હતો: ઉપરોક્ત હકીકતો દર્શાવે છે કે જ્યારે દાવો નં. ૨૦૯/૧૯૬૯ પેન્ડિંગ હતો અને છેવટે ગુણદોષ પર રદ કરવામાં આવ્યો તે સમયગાળા દરમિયાન એટલે કે ૨૫મી જૂન, ૧૯૬૯ થી ૨૧મી માર્ચ, ૧૯૭૫ સુધી હુકમનામું મેળવનારને દાવો નં. ૩૩૨/૧૧૨૨ (એનઈ) માં તારીખ ૨૧મી મે, ૧૯૬૪ ના હુકમનામાની અમલબજવણી કરતા અટકાવવામાં આવ્યા હતા. વધુમાં, દાવો નં. ૨૦૯/૧૯૬૯ રદ થવા સામે આ મામલો પ્રથમ એપેલેટ કોર્ટ સમક્ષ અપીલમાં લઈ જવામાં આવ્યો હતો, જેણે પણ દાવો નં. ૨૦૯/૧૯૬૯ ના વાદીની અપીલ રદ કરી દીધી હતી. તેનાથી નારાજ થઈને, દાવો નં. ૨૦૯/૬૯ ના વાદીએ હાઇકોર્ટ સમક્ષ અપીલ દાખલ કરી હતી, જે અપીલ આખરે તારીખ ૧૧મી જૂન, ૧૯૭૯ ના રોજ રદ કરવામાં આવી હતી. બીજા શબ્દોમાં કહીએ તો, તારીખ ૨૫મી જૂન, ૧૯૬૯ થી ૧૧મી જુલાઈ, ૧૯૭૯ સુધીના સમયગાળા દરમિયાન દાવો નં. ૩૩૨/૧૧૨૨ (એનઈ) માં થયેલા હુકમનામાની અમલબજવણી થઈ શકી નહોતી. તારીખ ૧૮મી માર્ચ, ૧૯૮૧ ના રોજ અમલબજવણી અરજી દાખલ કરવામાં આવી હતી અને દાવો નં. ૩૩૨/૧૧૨૨ (એનઈ) માં તારીખ ૨૧મી મે, ૧૯૬૪ (જેને અહીં ૨૫મી જૂન, ૧૯૬૪ તરીકે દર્શાવેલ છે) ના હુકમનામાની અમલબજવણી હાથ ધરવામાં આવી હતી, જેની સામે હુકમનામાના દેવાદાર (અહીંના અરજદાર) એ એવા કારણસર વાંધો ઉઠાવ્યો હતો કે અમલબજવણી

અરજી મુદતથી બાધિત છે, કારણ કે તે હુકમનામાની તારીખ એટલે કે ૨૧મી મે, ૧૯૬૪ થી ૧૨ વર્ષની અંદર દાખલ કરવામાં આવી નહોતી. અમલબજવણી કોર્ટ તેમજ રિવિઝનમાં હાઇકોર્ટે ઠેરવ્યું હતું કે દાવો નં. ૩૩૨/૧૧૨૨ (એનઈ) માં હુકમનામું મેળવનારને તારીખ ૨૫મી જૂન, ૧૯૬૯ થી ૨૧મી માર્ચ, ૧૯૭૫ ના સમયગાળા દરમિયાન હુકમનામાની બજવણી કરતા અટકાવવામાં આવ્યા હતા, જ્યારે હુકમનામાના દેવાદાર દ્વારા દાખલ કરાયેલો દાવો નં. ૨૦૯/૧૯૬૯ છેવટે ગુણદોષ પર રદ થયો હતો અને જો તે સમયગાળો બાકાત રાખવામાં આવે, તો અમલબજવણી અરજી સંપૂર્ણપણે સમયમર્યાદાની અંદર હતી. સિવિલ રિવિઝન પિટિશન (સીઆરપી) નં. ૨૦૦૩/૧૯૯૮ (બી) માં હાઇકોર્ટના તારીખ ૨૫મી જુલાઈ, ૨૦૦૧ ના નિર્ણયથી નારાજ થઈને, હુકમનામાના દેવાદાર ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૩૬ હેઠળ વિશેષ રજા અરજી દ્વારા અહીં આવ્યા છે. હુકમનામાના દેવાદાર (અરજદાર) તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન વકીલ શ્રી ફઝલીન અનમે એવી દલીલ કરી હતી કે હુકમનામાના દેવાદાર દ્વારા દાખલ કરવામાં આવેલો દાવો એટલે કે દાવો નં. ૨૦૯/૧૯૬૯ તારીખ ૨જી એપ્રિલ, ૧૯૭૩ ના રોજ કસૂર બદલ રદ કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું કે દાવો નં. ૨૦૯/૧૯૬૯ પેન્ડિંગ હતો તે દરમિયાન તારીખ ૨૫મી જૂન, ૧૯૬૯ નો કામચલાઉ મનાઈહુકમ અમલમાં હતો, પરંતુ તારીખ ૨જી એપ્રિલ, ૧૯૭૩ ના રોજ દાવો કસૂર બદલ રદ થતાંની સાથે જ તારીખ ૨૫મી જૂન, ૧૯૬૯ ના કામચલાઉ મનાઈહુકમનો અંત આવ્યો હતો અને તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૭૪ ના રોજ દાવો નં. ૨૦૯/૧૯૬૯ પુનઃસ્થાપિત થયા પછી પણ તે હુકમ

પુનર્જીવિત થયો ન હતો, અને પરિણામે દાવાની પુનઃસ્થાપના બાદ હુકમનામું મેળવનારને તારીખ ૨૧મી મે, ૧૯૬૪ ના હુકમનામાની અમલબજવણી કરતા કોઈ બાબત રોકતી નહોતી. આ સંદર્ભમાં, વિદ્વાન વકીલે એ.આઇ.આર. ૧૯૬૫ અલ્હાબાદ પ૪૬ માં નોંધાયેલા રાજ ચંદર ગુપ્તા વિરુદ્ધ રમેશ કિશોર ના કેસમાં અલ્હાબાદ હાઇકોર્ટના ચુકાદા પર આધાર રાખ્યો હતો, જેમાં એવું ઠેરવવામાં આવ્યું છે કે દાવો ગુણદોષના આધારે કે કસૂર બદલ રદ થતાંની સાથે જ ચુકાદા પહેલાંની જમીનો અંત આવે છે અને ત્યાર બાદ દાવો પુનઃસ્થાપિત કરવામાં આવે તો પણ ચુકાદા પહેલાંની જમીનો હુકમ આપોઆપ પુનર્જીવિત થશે નહીં. આ બાબતનો નિર્ણય કરતી વખતે અલ્હાબાદ હાઇકોર્ટે (૧૮૮૮) આઇ.એલ.આર. ૧૦ અલ્હાબાદ માં નોંધાયેલા રામ ચંદ વિરુદ્ધ પીતમ મલ ના કેસમાંના તેના અગાઉના ચુકાદા પર આધાર રાખ્યો હતો. ૫૦૬.

તેનાથી વિરુદ્ધ, હુકમનામું મેળવનાર–સામાવાળા તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી પી. કૃષ્ણમૂર્તિએ એવી દલીલ કરી હતી કે કસૂર બદલ રદ થયેલા દાવાની પુનઃસ્થાપના થતાં તેમાં પસાર કરવામાં આવેલા તમામ આનુષંગિક હુકમો આપોઆપ પુનર્જીવિત થઈ ગયા હતા. તેથી, તેમણે એવી દલીલ કરી હતી કે વર્તમાન કેસમાં જ્યારે રદ થયેલો દાવો નં. ૨૦૯/૧૯૬૯ તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૭૪ ના રોજ પુનઃસ્થાપિત થયો, ત્યારે તારીખ ૨૫મી જૂન, ૧૯૬૯ નો કામચલાઉ મનાઈહુકમ પુનર્જીવિત થયો હતો અને પરિણામે, હુકમનામું મેળવનાર તે હુકમનામાની બજવણી કરી શક્યા નહોતા અને તેથી, હુકમનામાના દેવાદારે અપીલો દ્વારા પોતાના તમામ ઉપાયો

અજમાવી લીધા પછી છેવટે તારીખ ૧૮મી માર્ચ, ૧૯૮૧ ના રોજ જેની અમલબજવણી શરૂ કરવામાં આવી હતી તે તારીખ ૨૧મી મે, ૧૯૬૪ ના હુકમનામાની બજવણી કરવાના હેતુસર ૧૨ વર્ષની મુદતની ગણતરી કરતી વખતે તેઓ ૨૫મી જૂન, ૧૯૬૯ થી ૨૧મી માર્ચ, ૧૯૭૫ (જ્યારે દાવો ગુણદોષ પર રદ થયો હતો) વચ્ચેનો સમયગાળો બાકાત રાખવા માટે હકદાર હતા. આ સંદર્ભમાં એ.આઇ.આર. (૧૯૩૫) મદ્રાસ માં નોંધાયેલા તવ્વાલા વીરાસ્વામી વિરુદ્ધ પુલીમ રામન્ના ના કેસમાં મદ્રાસ હાઇકોર્ટના ચુકાદા પર આધાર રાખવામાં આવ્યો હતો. ૩૬૫ (ફુલ બેંચ) / એ.આઇ.આર. (૧૯૫૬) પટના ૨૭૧ માં નોંધાયેલા બંકિમ ચંદ્ર વિરુદ્ધ ચંડી પ્રસાદ ના કેસમાં પટના હાઇકોર્ટના ચુકાદા પર પણ આધાર રાખવામાં આવ્યો હતો. તે જ રીતે, એ.આઇ.આર. (૧૯૭૮) આંધ્ર પ્રદેશ ૩૦ માં નોંધાયેલા નંદિપતિ રામી રેડ્ડી વિરુદ્ધ નંદિપતિ પદ્મા રેડ્ડી ના કેસમાં આંધ્ર પ્રદેશ હાઇકોર્ટના ચુકાદા પર આધાર રાખવામાં આવ્યો હતો, જેમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે જ્યારે રદ થયેલો દાવો પુનઃસ્થાપિત થાય છે, ત્યારે વચગાળાના હુકમો અને વચગાળાના સમયગાળા દરમિયાનનો તેમનો અમલ પુનર્જીવિત થાય છે અને જ્યારે કોર્ટે દાવો કસૂર બદલ રદ કર્યો હતો ત્યારે વાદી જે સ્થિતિમાં હતો તે સ્થિતિમાં તેને પુનઃસ્થાપિત કરવો જોઈએ અને પરિણામે રદ કરવાનો હુકમ બાજુ પર મૂકી દાવો પુનઃસ્થાપિત કરવામાં આવે ત્યારે રદ કરવાના હુકમ પહેલાં થયેલા તમામ વચગાળાના હુકમો પણ પુનર્જીવિત થશે, સિવાય કે કોર્ટ રદ કરવા અને પુનઃસ્થાપના વચ્ચેના સમયગાળા દરમિયાન વચગાળાના હુકમોના અમલને સ્પષ્ટપણે કે ગર્ભિત રીતે બાકાત ન રાખે.

ઉપરોક્ત દલીલોને ધ્યાનમાં રાખીને, નિર્ણય માટે ઉપસ્થિત થતો મુદ્દો એ છે કે: શું દાવાની પુનઃસ્થાપના થતાં વચગાળાના હુકમો આપોઆપ પુનર્જીવિત થાય છે, સિવાય કે વચગાળા દરમિયાન ઉદ્ભવતા સંજોગો અથવા કોર્ટ દ્વારા પસાર કરાયેલા હુકમો તેનાથી વિપરીત દર્શાવતા હોય?

સીપીસી ૧૯૦૮ ની જોગવાઈઓનું વિશ્લેષણ:

દીવાની કાર્યરીતિ સંહિતા, ૧૯૦૮ એ કોઈ વિશેષ અથવા સ્થાનિક કાયદા અથવા તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદા હેઠળના વિશેષ અધિકારક્ષેત્રને આધીન રહીને, દીવાની અધિકારક્ષેત્ર હેઠળની અદાલતોની તમામ કાર્યવાહીઓને લાગુ પડે છે. સંહિતાનું મુખ્ય લક્ષણ એ તેનું બે ભાગોમાં વિભાજન છે. સંહિતાના મુખ્ય ભાગમાં કલમો સમાવિષ્ટ છે જે અધિકારક્ષેત્રનું સર્જન કરે છે, જ્યારે નિયમો એ રીત દર્શાવે છે કે જે રીતે અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવાનો રહે છે.

કલમ ૯ જણાવે છે કે સ્પષ્ટ અથવા ગર્ભિત રીતે બાધિત હોય તેવા દાવા સિવાયના દીવાની સ્વરૂપના તમામ દાવાઓની સુનાવણી કરવાનું અધિકારક્ષેત્ર અદાલતો પાસે રહેશે. કલમ ૯ એ સીપીસી ના ભાગ–૧ માં આવે છે જે સામાન્ય રીતે દાવાઓ સાથે સંબંધિત છે. ભાગ–૨ અમલબજવણી સાથે સંબંધિત છે. સીપીસી નો ભાગ–૨ કલમ ૫૧ થી ૬૪ ને આવરી લે છે. સીપીસી ની કલમ ૫૧ હેઠળ, નિર્ધારિત કરવામાં આવે તેવી મર્યાદાઓ અને શરતોને આધીન રહીને, કોર્ટ ખાસ કરીને હુકમનામામાં નિર્દિષ્ટ કરેલી કોઈપણ મિલકતની સોંપણી દ્વારા;

જપ્તી અને વેચાણ દ્વારા; ધરપકડ અને અટકાયત દ્વારા; રિસીવરની નિમણૂક દ્વારા અથવા મંજૂર કરવામાં આવેલી દાદના સ્વરૂપ મુજબ જરૂરી હોય તેવી રીતે હુકમનામાની બજવણીનો આદેશ આપી શકે છે. તેથી, જપ્તી એ અમલબજવણી પ્રક્રિયાનો એક ભાગ છે [જુઓ (૧૮૮૩) આઇ.એલ.આર. ૫ અલ્હાબાદ પૃષ્ઠ ૮૬ (ફુલ બેંચ) માં નોંધાયેલ મહાદેવ દુબે વિરુદ્ધ ભોલા નાથ દીક્ષિત]. સીપીસી નો ભાગ–૩ એ કમિશન કાઢવાની, વિનંતી પત્ર મોકલવાની વગેરે જેવી કોર્ટની સત્તાઓ સહિતની આનુષંગિક કાર્યવાહીઓ સાથે સંબંધિત છે. સીપીસી નો ભાગ ૬ પૂરક કાર્યવાહીઓ સાથે સંબંધિત છે જે કલમ ૯૪ ને આવરી લે છે, જે અન્ય બાબતોની સાથે–સાથે નિયમો દ્વારા નિર્ધારિત સંજોગોને આધારે વચગાળાના હુકમો પસાર કરવાની કોર્ટને સત્તા આપે છે.

એ.આઇ.આર. (૧૯૬૨) એસસી ૫૨૭ માં નોંધાયેલા મનોહર લાલ ચોપરા વિરુદ્ધ રાય બહાદુર રાવ રાજા સેઠ હીરાલાલ ના કેસમાં એવું ઠેરવવામાં આવ્યું છે કે સીપીસી ની કલમ ૯૪ માં "જો તેમ નિયત કરવામાં આવ્યું હોય તો" શબ્દપ્રયોગની અસર એવા સંજોગો નિર્ધારિત કરવાની છે કે જેમાં અદાલતો ચોક્કસ દાદનો ઉપયોગ કરી શકે અથવા મંજૂર કરી શકે અને સામાન્ય રીતે કોર્ટે ન્યાયના હિતમાં જરૂરી હુકમો કરવા માટે પોતાની અંતર્ગત સત્તાઓનો ઉપયોગ કરવાનો હોતો નથી, પરંતુ કેસના સંજોગો નિર્ધારિત નિયમ હેઠળ આવે છે કે નહીં તે જોવાનું હોય છે. તેથી, જે કેસમાં વાદી કામચલાઉ મનાઈહુકમ માંગે છે ત્યાં અદાલતોએ એ સુનિશ્ચિત કરવું પડે છે કે કેસની હકીકતો ઓર્ડર ૩૯ હેઠળ આવે છે કે નહીં. કામચલાઉ મનાઈહુકમ આપવાની કોર્ટની સત્તાના ઉપયોગના પ્રસંગે

જ કલમ ૯૪ ની ભૂમિકા રહેલી છે અને જોકે કલમ ૯૪ પોતાની અંતર્ગત સત્તાનો ઉપયોગ કરવાનો કોર્ટનો અધિકાર છીનવી લેતી નથી. એ જ ચુકાદામાં સીપીસી ની કલમ ૧૫૧ નું પણ વિશ્લેષણ કરવામાં આવ્યું છે. સર્વોચ્ચ અદાલતે તે જ ચુકાદામાં ઠેરવ્યું છે કે સીપીસી ની કલમ ૧૫૧ દ્વારા કોર્ટને અંતર્ગત સત્તા પ્રદાન કરવામાં આવી નથી. પોતાની સમક્ષના પક્ષકારો વચ્ચે ન્યાય કરવાની તેની ફરજની રૂએ તે કોર્ટમાં રહેલી એક અંતર્ગત સત્તા છે. કલમ ૧૫૧ માત્ર કોર્ટની અંતર્ગત સત્તાના અસ્તિત્વને માન્યતા આપે છે, તેથી કોઈ ચોક્કસ કેસમાં સંજોગો સીપીસી ના ઓર્ડર ૩૯ હેઠળ આવતા ન હોય તો પણ, જો કોર્ટનો એવો અભિપ્રાય હોય કે ન્યાયના હિતમાં આવો વચગાળાનો મનાઈહુકમ આપવો જરૂરી છે તો કામચલાઉ મનાઈહુકમ જારી કરવાનું અંતર્ગત અધિકારક્ષેત્ર અદાલતો પાસે છે.

એ.આઇ.આર. (૧૯૬૬) એસસી ૧૮૯૯ માં નોંધાયેલા મેસર્સ રામ ચંદ એન્ડ સન્સ શુગર મિલ્સ પ્રાઇવેટ લિમિટેડ વિરુદ્ધ કન્હૈયાલાલ ભાર્ગવ ના કેસમાં આ કોર્ટ દ્વારા ઠરાવવામાં આવ્યું છે કે સીપીસી ની કલમ ૧૫૧ હેઠળની કોર્ટની અંતર્ગત સત્તા એ સીપીસી હેઠળ સ્પષ્ટપણે પ્રદાન કરવામાં આવેલી સત્તાના વધારામાં અને તેની પૂરક છે, પરંતુ તે સત્તાનો ઉપયોગ સીપીસી ની અન્ય જોગવાઈઓ દ્વારા સ્પષ્ટપણે અથવા ગર્ભિત રીતે આપવામાં આવેલી કોઈપણ સત્તાના વિરોધમાં કરવામાં આવશે નહીં. જો કોઈ ચોક્કસ વિષયને આવરી લેતી સ્પષ્ટ જોગવાઈ હોય, તો સીપીસી ની કલમ ૧૫૧ લાગુ કરી શકાતી નથી. તેથી, સીપીસી ની કલમ ૧૫૧ ન્યાય કરવાની ફરજની રૂએ કોર્ટની અંતર્ગત સત્તાને

માન્યતા આપે છે અને આ અંતર્ગત સત્તા સીપીસી હેઠળ સ્પષ્ટપણે અથવા ગર્ભિત રીતે પ્રદાન કરવામાં આવેલી સત્તાઓના વધારામાં અને તેની પૂરક છે.

એ.આઇ.આર. (૧૯૮૮) કલકત્તા ૯૫ માં નોંધાયેલા જગજીત સિંઘ ખન્ના વિરુદ્ધ ડૉ. રાખાલ દાસ મલ્લિક ના કેસમાં એવું ઠેરવવામાં આવ્યું છે કે કલમ ૯૪(સી) હેઠળ કામચલાઉ મનાઈહુકમ ત્યારે જ મંજૂર કરી શકાય જો કોઈ કેસ ઓર્ડર ૩૯ ના નિયમ ૧ અને નિયમ ૨ નું પાલન કરતો હોય. એવું કહેવું યોગ્ય નથી કે કોર્ટ પાસે બે સત્તાઓ છે, એક કલમ ૯૪(સી) હેઠળ કામચલાઉ મનાઈહુકમ મંજૂર કરવાની અને બીજી ઓર્ડર ૩૯ ના નિયમ ૧ અને ૨ હેઠળ. સીપીસી ની કલમ ૯૪(સી) દર્શાવે છે કે કોર્ટ તે હેઠળ કામચલાઉ મનાઈહુકમ ત્યારે જ મંજૂર કરી શકે છે જો ઓર્ડર ૩૯ ના નિયમ ૧ અને ૨ દ્વારા તેમ નિયત કરવામાં આવ્યું હોય. કોર્ટ કલમ ૧૫૧ હેઠળ પોતાની અંતર્ગત સત્તાઓનો ઉપયોગ કરીને પણ કામચલાઉ મનાઈહુકમ મંજૂર કરી શકે છે, પરંતુ તે કિસ્સામાં, તે સીપીસી દ્વારા પ્રદાન કરાયેલી કોઈપણ સત્તા હેઠળ કામચલાઉ મનાઈહુકમ મંજૂર કરતી નથી, પરંતુ અદાલતના ગઠનમાં જ રહેલી અંતર્ગત સત્તા હેઠળ મંજૂર કરે છે, જે સીપીસી ની કલમ ૧૫૧ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે.

ઉપરોક્ત ચર્ચા દર્શાવે છે કે વચગાળાની દાદ મંજૂર કરવા માટેની કોર્ટની સત્તાનો સ્ત્રોત કલમ ૯૪ હેઠળ રહેલો છે. જોકે, તે સત્તાનો ઉપયોગ ત્યારે જ થઈ શકે છે જો કેસના સંજોગો નિયમો હેઠળ આવતા હોય. તેથી, જ્યારે કોઈ બાબત કોર્ટ સમક્ષ આવે છે, ત્યારે કોર્ટે દરેક કેસની હકીકતો તપાસવી પડે છે અને

સંબંધિત ઓર્ડરના નિયમો સાથે વંચાણે લેતાં કલમ ૯૪ ના તત્ત્વો સંતોષાય છે કે કેમ તેની ખાતરી કરવી પડે છે અને તે મુજબ યોગ્ય દાદ આપવી પડે છે. માત્ર એવા કિસ્સાઓમાં કે જ્યાં સંજોગો નિર્ધારિત કોઈપણ નિયમો હેઠળ આવતા નથી, ત્યાં જ કોર્ટ સીપીસી ની કલમ ૧૫૧ હેઠળ પોતાની અંતર્ગત સત્તાનો ઉપયોગ કરી શકે છે. તે મુજબ, જો સંજોગો સીપીસી ના ઓર્ડર ૩૮ હેઠળ આવતા હોય, તો અદાલતોએ ચુકાદા પહેલાં જપ્તીની દાદ આપવી પડે છે. તેવી જ રીતે, જો કેસ ઓર્ડર ૩૯ ના નિયમોને સંતોષતો હોય, તો અદાલતો કામચલાઉ મનાઈહુકમ મંજૂર કરશે. આમ, નિર્ધારિત નિયમો હેઠળ આવતા સંજોગોના આધારે, નિર્દિષ્ટ દાદ મંજૂર કરવાની અદાલતની સત્તા અલગ–અલગ હોઈ શકે છે. તેથી, નિર્ધારિત નિયમોનો દરેક સમૂહ એકબીજાથી અલગ અને ભિન્ન છે અને તેથી, કામચલાઉ મનાઈહુકમના નિયમોને ચુકાદા પહેલાં જપ્તીના નિયમો સાથે સમકક્ષ ગણી શકાય નહીં, ભલે તે તમામને વ્યાપકપણે વચગાળાના હુકમો તરીકે ઓળખવામાં આવતા હોય.

અમારી સમક્ષ ટાંકવામાં આવેલા ચુકાદાઓનું વિશ્લેષણ :

એ.આઇ.આર. (૧૯૭૩) અલ્હાબાદ ૬૭ માં નોંધાયેલા અબ્દુલ હમીદ વિરુદ્ધ કરીમ બક્ષ અને અન્ય ના કેસમાં એવું ઠેરવવામાં આવ્યું છે કે દાવો કસૂર બદલ રદ થતાં, ચુકાદા પહેલાંની જપ્તી આપોઆપ સમાપ્ત થઈ જાય છે અને દાવાની પુનઃસ્થાપના પર પુનર્જીવિત થતી નથી. આ નિષ્કર્ષ પર પહોંચવા માટે, અલ્હાબાદ હાઇકોર્ટે અલ્હાબાદ હાઇકોર્ટના અગાઉના ચુકાદા રામ ચંદ વિરુદ્ધ ના

કેસ પર આધાર રાખ્યો હતો. પીતમ મલ, (૧૮૮૮) આઇ.એલ.આર. ૧૦ અલ્હાબાદ. ૫૦૬.

તેવી જ રીતે, એ.આઇ.આર. (૧૯૬૫) અલ્હાબાદ ૫૪૬ માં નોંધાયેલા રાજ ચંદ્ર ગુપ્તા વિરુદ્ધ રમેશ કિશોર ના કેસમાં એવું ઠેરવવામાં આવ્યું છે કે દાવો ગુણદોષના આધારે કે કસૂર બદલ રદ થતાં ચુકાદા પહેલાંની જપ્તી સમાપ્ત થઈ જશે અને દાવાની પુનઃસ્થાપના પર તે આપોઆપ પુનર્જીવિત થશે નહીં. અહીં પણ, અલ્હાબાદ હાઇકોર્ટ દ્વારા રામ ચંદ વિરુદ્ધ પીતમ મલ (પૂર્વોક્ત) ના કેસમાંના અગાઉના ચુકાદા પર આધાર રાખવામાં આવ્યો છે.

એ.આઇ.આર. (૧૯૭૬) અલ્હાબાદ ૨૬૪ માં નોંધાયેલા નગર મહાપાલિકા વિરુદ્ધ વેદ પ્રકાશ ના કેસમાં, તે બાબતમાં પણ આવો જ અભિપ્રાય લેવામાં આવ્યો છે. તે બાબતમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે દાવો કસૂર બદલ રદ થતાં વચગાળાનો મનાઈહુકમ સમાપ્ત થઈ ગયો હતો અને પુનઃસ્થાપના થતાં તે આપોઆપ પુનર્જીવિત થશે નહીં. અહીં પણ અલ્હાબાદ હાઇકોર્ટે રામ ચંદ વિરુદ્ધ પીતમ મલ (પૂર્વોક્ત) ના કેસમાંના તેના અગાઉના ચુકાદા પર આધાર રાખ્યો છે. જોકે, ઓર્ડર ૩૮ ના નિયમ ૯ અને નિયમ ૧૧ ની જોગવાઈઓને ધ્યાનમાં લીધા વિના કામચલાઉ મનાઈહુકમને વચગાળાના હુકમ તરીકે ચુકાદા પહેલાંની જપ્તી સાથે સરખાવતો આ એકમાત્ર ચુકાદો છે. એ. શરૂઆતમાં જ, અમે નિર્દેશ કરી શકીએ છીએ કે રામ ચંદ વિરુદ્ધ પીતમ મલ (પૂર્વોક્ત) નો કેસ ૧૮૫૯ ની અગાઉની દીવાની કાર્યરીતિ સંહિતાની જોગવાઈઓ હેઠળ હતો. આ

કેસમાં આપણે દીવાની કાર્યરીતિ સંહિતા, ૧૯૦૮ સાથે સંબંધ ધરાવીએ છીએ, જેણે ચુકાદા પહેલાં જપ્તી સંબંધે નોંધપાત્ર ફેરફારો કર્યા છે: ઓર્ડર ૩૮, નિયમ ૧ હેઠળ વાદીને એક અસાધારણ દાદ આપવામાં આવી છે, એટલે કે યોગ્ય કેસોમાં જ્યાં કોર્ટને વાદીની તરફેણમાં મજબૂત પ્રથમદર્શી કેસ જણાય અને જો કોર્ટને સંતોષ થાય કે ભવિષ્યમાં જ્યારે પણ હુકમનામું પસાર થશે ત્યારે પ્રતિવાદી તેને નિષ્ફળ બનાવે તેવી શક્યતા છે, તો કોર્ટ વાદીઓના દાવાના આખરી ન્યાયનિર્ણય પહેલાં પણ ચુકાદા પહેલાં જપ્તી મંજૂર કરશે, તેથી તે કોર્ટ દ્વારા વાદીને આપવામાં આવેલી એક અસાધારણ દાદ છે. જોકે, ઓર્ડર ૩૮ નિયમ ૯ હેઠળ જ્યારે દાવો રદ થાય ત્યારે કોર્ટ જપ્તી પાછી ખેંચવાનો આદેશ કરશે. તેથી, નિયમ ૯ દાવાને રદ કરતી વખતે કોર્ટ માટે જપ્તી હટાવવાનું ફરજિયાત બનાવે છે. આવી જોગવાઈ ઓર્ડર ૩૯ હેઠળ કે ઓર્ડર ૪૦ હેઠળ નથી. નગર મહાપાલિકા વિરુદ્ધ વેદ પ્રકાશ (પૂર્વોક્ત) ના કેસમાં અલ્હાબાદ હાઇકોર્ટનું આ બાબત પર ધ્યાન ગયું નહોતું. અલ્હાબાદ હાઇકોર્ટના અગાઉના તમામ ચુકાદાઓ ઓર્ડર ૩૮ સાથે સંબંધિત હતા અને ઓર્ડર ૩૯ સાથે નહીં. વધુમાં ઉપર જણાવ્યા મુજબ, જપ્તી એ અમલબજવણી પ્રક્રિયાનો એક ભાગ છે. તે હુકમનામાનું રક્ષણ કરવા માટે મંજૂર કરવામાં આવે છે. ઓર્ડર ૩૮ નિયમ ૧૧ હેઠળ વધુમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે જ્યારે દાવો હુકમનામું થાય ત્યારે અદાલતો ચુકાદા પહેલાંની જપ્તી ચાલુ રાખશે અને વાદીએ જપ્તી માટે ફરીથી અરજી કરવાની જરૂર રહેતી નથી. ઓર્ડર ૩૮ ની યોજના ઓર્ડર ૩૯ કે ઓર્ડર ૪૦ કરતાં અલગ છે. તેથી, આપણે વચગાળાના હુકમો તરીકે ઓર્ડર ૩૮ હેઠળની જપ્તીની તુલના ઓર્ડર ૩૯

હેઠળ કામચલાઉ મનાઈહુકમ મંજૂર કરવાની કોર્ટની સત્તા સાથે કરી શકીએ નહીં. તેવી જ રીતે, ઓર્ડર ૨૧, નિયમ ૫૭ એ અમલબજવણી દાવો રદ થતાં જપ્તી ચાલુ રહેશે કે સમાપ્ત થશે તેનો આદેશ કરવાની અદાલતોની ફરજ દર્શાવે છે.

